પ્રણવ મુખર્જી દેશના ૧૩ માં રાષ્ટ્રપતિ બન્યા

નવીદિલ્હી, તા.૨૫

ભારતીય રાજકારણના ચાણક્ય ગણાતા પ્રણવ મુખરજીએ આજે ભારતના ૧૩ માં રાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા હતા. ચાર દશકથી પણ વધુ સમયથી પ્રણવ મુખરજી સક્રિય રાજકારણમાં છે. સવારે ૧૧.૩૦ વાગે પ્રણવ મુખરજીને સંસદના સેન્ટ્રલ હોલમાં ભારતના ચીફ જસ્ટિસ એસએચ કાપડીયાએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન મનમોહનસિંહ, યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, કેબિનેટના પ્રધાનો અને અન્ય ટોચની હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. શપથ વિધિ કાર્યક્રમમાં તેમના સગાસંબંધીઓની સાથે સાથે પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રણવ મુખરજી હવે દેશના સર્વોચ્ચ હોદ્દા ઉપર પહોંચી ગયા છે. પ્રણવ મુખરજીએ આ હોદ્દાના ગૌરવને જાળવી રાખવાની ખાતરી આપી હતી. બંધારણના જતન અને કાયદાના પાલનમાં હમેશા આગળ રહેશે. શપથ લીધા બાદ પ્રણવ મુખરજીએ વિદાય લેતા રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલથી ચેરની આપલે કરી હતી. ત્યારબાદ પ્રણવ મુખરજીને ૨૧ તોપની સલામી આપવામાં આવી હતી. સેન્ટ્રલ હોલમાં ઉપસ્થિત લોકોને પ્રણવ મુખરજીએ પરંપરાગત રીતે સંબોધન કર્યું હતું. પ્રણવે કહ્યું હતું કે તેઓ આ હોદ્દાને મેળવીને ગર્વ અનુભવ કરી રહ્યા છે. તેમના સંબોધન બાદ પ્રણવ મુખરજી વિદાય લેતા રાષ્ટ્રપતિ પાટિલ સાથે રાષ્ટ્રપતિ ભવન માટે રવાના થયા હતા. ૭૬ વર્ષીય પીઢ નેતાએ શપથ લીધા ત્યારે કાર્યક્રમમાં ત્રણેય સેનાના વડા ઉપસ્થિત રહ્યા હતા. પ્રણવ મુખરજી હવે ભારતીય સશસ્ત્ર સેનાના સર્વોચ્ચ કમાન્ડર બની ગયા છે. તેમની સામે ઘણા પડકારો પણ રહેલા છે. પ્રણવ મુખરજીએ શપથ લીધી તે પહેલાં તેઓ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના મેમોરિયલ શાંતિવન ખાતે પહોંચ્યા હતા. ત્યારબાદ પ્રણવ મુખરજીએ શક્તિ સ્થળ ખાતે ઈન્દિરા ગાંધીને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. રાજઘાટથી પ્રણવ મુખરજી વિર ભૂમિ પહોંચ્યા હતા જયાં તેઓએ રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રતિભા પાટિલના આગમન સાથે જ શપથ વિધિ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તેમના સ્વાગત માટે અન્સારી અને અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રણવ મુખરજી મર્સિડિઝ બેન્જ એસ ૬૦૦માં પહોંચ્યા હતા. અગાઉ પ્રણવ મુખરજીની સાથે કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન કમલનાથ રાજઘાટ ઉપર ગયા હતા. રાજઘાટ ઉપર સવારે ૯.૩૨ વાગે પ્રણવ પહોંચ્યા હતા. શપથ વિધિ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી, લોકસભાના અધ્યક્ષ મીરા કુમાર, કેટલાક મુખ્યમંત્રી પણ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખરજીએ તેમના નજીકના હરીફ અને એનડીએના ઉમેદવાર પીએ સાંગમાને કારમી હાર આપી હતી. પ્રણવ મુખરજીને એનડીએના સાથી પક્ષો શિવસેના અને જેડીયુના મત પણ મળ્યા હતા. ઉપરાંત ભાજપના કેટલાક ધારાસભ્યોએ પણ ક્રોસ વોટિંગ કરીને પ્રણવને મત આપ્યા હતા. પ્રણવ મુખરજીની ભવ્ય જીત થઈ હતી. રાષ્ટ્રપતિ બનતા પહેલાં પ્રણવ મુખરજી કેબિનેટમાં તમામ ટોચના હોદ્દા મેળવી ચૂક્યા છે જેમાં સરંક્ષણ મંત્રી, વિદેશ મંત્રી અને નાણાં મંત્રીનો સમાવેશ થાય છે. યુપીએમાં તેઓ સંકટ મોચન તરીકે હતા. રાજકારણના ચાણક્ય તરીકે પણ તેમની ગણતરી કરવામાં આવે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી લડતા પહેલા પ્રણવ નાણાંમંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

રાષ્ટ્રપતિ પદનાં શપથ બાદ પ્રથમ નિવેદન
આતંકવાદ વિરુદ્ધની લડાઈ ચોથા યુદ્ધ તરીકે છે : પ્રણવ

નવીદિલ્હી, તા.૨૫

ભારતનાં નવા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે કહ્યું હતું કે, ગરીબીને દૂર કરવાની બાબત દેશ માટે સૌથી પડકારરૂપ છે. રાષ્ટ્રપતિ પદનાં શપથ લીધા બાદ પોતાનાં પ્રથમ ભાષણમાં તેમણે કહ્યું હતું કે, આધુનિક ભારતનાં શબ્દકોશમાં ગરીબી જેવા શબ્દ માટે કોઈ જગ્યા હોવી જોઈએ નહીં. તેમણે એમપણ કહ્યું હતું કે, ગરીબીનાં અભિશાપને ખતમ કરવાનો ભારતનો મુખ્ય મિશન હોવો જોઈએ કારણ કે ભૂખથી અન્ય કોઈ મોટું અપમાન નથી. ભારતનાં વિકાસમાં ગરીબીની ભૂમિકાની વાત કરતાં તેમણે કહ્યું હતું કે, જે લોકો સૌથી ગરીબ છે તે લોકો તરફ ધ્યાન આપવાની જરૂર છે. આધુનિક ભારતનાં શબ્દકોશમાંથી ગરીબી શબ્દ દૂર કરવાની જરૂર છે. ભારતનો વિકાસ વાસ્તવિક દેખાય એનાં માટે જરૂરી છે કે ગરીબથી ગરીબ વ્યક્તિને આ બાબતની સમજ હોવી જોઈએ, તેઓ ઉભરી રહેલાં

ભારતનો એક હિસ્સો છે. દુનિયાભરમાં વધતા જતા આતંકવાદનો ઉલ્લેખ કરતાં પ્રણવે કહ્યું હતું કે, હજુ આતંકવાદ સામે યુદ્ધ ખતમ થઈ નથી અને ચોથું યુદ્ધ જારી છે. તેમનું કહેવું હતું કે, ત્રીજું વિશ્વયુદ્ધ કોલ્ડવોર તરીકે હતું. આતંકવાદ સામે લડાઈ ચોથા યુદ્ધ તરીકે છે. આ વિશ્વયુદ્ધ દુનિયામાં શાંતિ સ્થાપિત કરવા માટે છે. પ્રણવે એમપણ કહ્યું હતું કે, ઈતિહાસથી બોધપાઠ લેવાની જરૂર છે પરંતુ ધ્યાન ભવિષ્ય પર કેન્દ્રિત થવું જોઈએ. સર્વશિક્ષણ પર ભાર મૂકતાં પ્રણવે કહ્યું હતું કે, શિક્ષણ એકમાત્ર એવી ચીજ છે જેનાં મારફતે ભારતમાં આગામી સુવર્ણયુગની સ્થિતિ લાવી શકાય છે. રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ પ્રણવે દરેક મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. લોકોનો આભાર પ્રણવે માન્યો હતો.

ટીમ અણ્ણાના અનશનની શરૂઆત

નવીદિલ્હી, તા.૨૫

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીનાં જંતરમંતર ઉપર ભ્રષ્ટાચાર અને મજબૂત લોકપાલ બિલ મામલે ટીમ અણ્ણાનાં અનશનની વિધિવત્ રીતે શરૂઆત થઈ હતી. જનલોકપાલ બિલ અને કેન્દ્રીય પ્રધાનમંડળના કેટલાંક સભ્યો સામે ભ્રષ્ટાચારના આક્ષેપોમાં સ્વતંત્ર તપાસ કરવાની માંગણીને લઈ ટીમ

અણ્ણા દ્વારા અનશનની શરૂઆત કરવામાં આવી હતી. અચોક્કસ મુદતનાં અનશનની શરૂઆત થવાની સાથે જ ફરીએકવાર યુપીએ પર દબાણ વધી ગયું છે. દરમિયાન ટીમ અણ્ણાનાં સભ્યોએ રાષ્ટ્રવ્યાપી અચોક્કસ મુદતનાં અનશનની શરૂઆત કરી હતી. ભ્રષ્ટાચારનાં મુદ્દે યુપીએ સરકાર સામે આ આંદોલન શરૂ થયું છે. અણ્ણાની નજીકનાં ત્રણ સાથી અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા, ગોપાલ રાય જંતરમંતર પર ભૂખ હડતાળ પર બેસી ગયા હતાં. અણ્ણાએ અલ્ટીમેટમ આપીને સાફ શબ્દોમાં કહ્યું છે કે, આગામી ચાર દિવસમાં તેમની માંગણી ઉપર નિર્ણય લેવા તેઓ સરકારને ચાર દિવસ આપશે. જેલ ભરો આંદોલનની શરૂઆત કરવામાં આવશે. ૬ાી જી ૬ા જુ પીએમઓમાં પ્રધાન નારાયણ સામીએ કહ્યું છે કે, સરકાર વિરોધી આંદોલનને તોડી પાડવા માટે એનએસયુઆઈનાં કાર્યકરોએ પ્રયાસ કર્યા છે. ટીમ અણ્ણાનાં સભ્યોએ આ મુજબનાં આક્ષેપો કર્યા હતાં. નારાયણ સામીએ કહ્યું હતું કે, કોંગ્રેસને લોકશાહી સિદ્ધાંતોમાં સંપૂર્ણ વિશ્વાસ છે, હિંસામાં વિશ્વાસ નથી. ટીમ અણ્ણાએ મુખ્ય ત્રણ માંગણીઓ કરી છે જેમાં ભ્રષ્ટાચારી પ્રધાનો સામે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા તપાસ કરાવવા, તેમની સામે સુનાવણી માટે ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરવા અને મજબૂત લોકપાલ બિલ લાવવાની માંગનો સમાવેશ થાય છે. અણ્ણાનાં આંદોલનને લઈ યુપીએ સરકાર પર ફરી દબાણ વધી રહ્યું છે. દેશભરમાં જુદા જુદા શહેરોમાં અણ્ણાનાં સમર્થનમાં દેખાવો શરૂ થયા છે. અમદાવાદમાં પણ ઈન્કમટેક્સ ખાતે દેખાવો કરાયા હતાં.

આસામમાં હિંસાનો દોર : ટ્રેન સેવાને અસર

નવીદિલ્હી, તા.૨૫

આસામમાં સાંપ્રદાયિક હિંસાનો દોર અવિરતપણે જારી રહ્યો છે. આજે મોતનો આંકડો વધીને ૩૬ ઉપર પહોંચી ગયો હતો. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા અને હિંસાને ડામવા માટે ચાર સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સેના બોલાવી લેવામાં આવી છે. બીજીબાજુ ટ્રેન સેવા હજુપણ સંપૂર્ણપણે ખોરવાયેલી છે. સેનાએ ૧૩૦૦૦ જવાનો ગોઠવી દીધા છે. કોકરાઝાર, ઢુબરી, ચિરાંગ અને બોંગાઈગાંવ ખાતે હિંસાનો દોર યથાવત્ રીતે જારી રહ્યો છે. માનવતાવાદી કટોકટી હવે ઉભી થઈ ગઈ છે. સંરક્ષણ પ્રવક્તા લેફ્ટ.કર્નલ એસ.એસ.ફોગાટે કહ્યું છે કે, ૧૩૦૦૦ સેનાનાં જવાનો સવારે ૮.૩૦ વાગ્યાથી ચાર જિલ્લાઓમાં તૈનાત કરી દેવાયા છે. ફ્લેગમાચનો દોર ચાલી રહ્યો છે. વાહનોને અવરજવરની મંજુરી આપવામાં આવી રહી નથી. હિંસા હજુ રોકાઈ નથી. સંરક્ષણ મંત્રાલયે બુધવાર મોડી રાત્રે સેનાની તૈનાતીને લીલીઝંડી આપી દીધી હતી. ગઈકાલે સાંજે મોતનો આંકડો ૩૨ હતો જે આજે વધીને ૩૬ ઉપર પહોંચ્યો હતો. બુધવાર સવારે બોંગાઈ જિલ્લામાં બીજનીમાં વધુ ચારનાં

મૃતદેહ મળી આવ્યા હતાં. અસરગ્રસ્ત ચાર જિલ્લાઓમાં સ્થિતિ વિકટ બનેલી છે. કોકરાઝાર સહિત સમગ્ર રાજ્યમાં સેનાની ઉપસ્થિતિ પહેલાંથી જ ભાંગફોડ વિરોધી ઓપરેશન માટે રહેલી છે. રાજ્ય સરકારે હવે હિંસા રોકવા સેનાની તૈનાતી કરી દીધી છે. બોડોલેંડ પ્રાદેશિક પરિષદના સભ્યએ મુખ્યમંત્રણ તરૂણ ગોગોઈને પત્ર લખી સેનાની તૈનાતી માટે માંગણી કરી છે. વડાપ્રધાન મનમોહનસિંહે સેના સહિત વધારાના સુરક્ષાદળો પૂરા પાડવા તમામ મદદ કરવા ગોગોઈને ખાતરી આપી છે. સંરક્ષણ મંત્રી એ.કે.એન્ટોનીએ ગોગોઈ સાથે વાત કરી છે. દરમિયાન ઉત્તર-પૂર્વીય રાજ્યનો સંપર્ક દેશનાં ભાગોથી કપાયેલો રહ્યો હતો.

એનસીપી અને કોંગ્રેસ વચ્ચે મડાગાંઠનો અંતે અંત આવ્યો

નવીદિલ્હી, તા.૨૫

કોંગ્રેસ અને એનસીપી વચ્ચે મડાગાંઠનો અંત આવી ગયો છે. છેલ્લાં ઘણાં દિવસોથી સંકલન સમિતિની રચનાને લઈ વિવાદ ચાલી રહ્યો હતો. બંને પક્ષો મુંબઈમાં અને કેન્દ્રમાં સંકલન સમિતિની રચના અંગે સમજૂતિ કરીને વિવાદ ટાળી દેવામાં સફળ રહ્યા છે. આજે સાંજે ૭ રેસકોર્સ રોડ ખાતે વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે એનસીપી વડા શરદ પવારે મિટિંગ યોજી હતી. મોડેથી આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ દિવસમાં એનસીપીએ સ્પષ્ટતા કરી હતી કે, કોંગ્રેસને કોઈપણ અલ્ટીમેટમ આપવામાં આવ્યું નથી. વડાપ્રધાન મનમોહનસિંહ પણ એનસીપી સાથે વાત કરી રહ્યા છે જ્યારે સોનિયા ગાંધીએ આ મુદ્દે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. વડાપ્રધાન મનમોહનસિંહે આ મામલે ગંભીર નોંધ લીધી હતી. એનસીપીનાં નેતા પ્રફુલ્લ પટેલ પણ સક્રિય થઈ ગયા હતાં. તેમણે કહ્યું હતું કે, પક્ષે કોંગ્રેસને કોઈ અલ્ટીમેટમ આપ્યું નથી. મંત્રણ મારફતે તમામ વિવાદોને દૂર કરી લેવામાં આવશે. બીજીબાજુ વડાપ્રધાને કહ્યું હતું કે, એનસીપી સાથે વાતચીત થઈ રહી છે. પ્રણવ મુખર્જીનાં રાષ્ટ્રપતિ તરીકેનાં શપથ બાદ એનસીપીએ કોંગ્રેસ પર દબાણ વધાર્યું હતું. સંરક્ષણ મંત્રી એ.કે.એન્ટોની સરકારમાં બીજા નંબરના વ્યક્તિ છે તેવા સંકેત મળતાં એનસીપીએ વાંધો ઉઠાવ્યો હતો કારણ કે તેઓ વડાપ્રધાનની નજીક બેઠા હતાં અને ત્યારબાદ પવાર બેઠા હતાં. પટેલે કહ્યું હતું કે, નંબરગેમને લઈને કોઈપણ પ્રકારની ગૂંચવણ નથી. બીજીબાજુ કોંગ્રેસ અને એનસીપી વચ્ચે મડાગાંઠ અંગે પૂછવામાં આવતાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, આ પ્રકારનાં પ્રશ્નોનો તેઓ કોઈ જવાબ આપશે નહીં. એનસીપી કેન્દ્રમાં કોંગ્રેસ સાથે સંકલનને લઈ ખુશ નહતી.

બિગબી સામે આઈટીની અપીલ હાઈકોર્ટે ફગાવી

મુંબઈ, તા.૨૫

મહાનાયક અમિતાભ બચ્ચનને મોટી રાહત આજે મળી હતી કારણ કે મુંબઈ હાઈકોર્ટે ઈન્કમટેક્સ વિભાગની અપીલને ફગાવી દીધી હતી. આ અપીલમાં કરચોરી માટે તેમનાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩નાં મૂલ્યાંકન વર્ષમાં તપાસ પુનઃ શરૂ કરવા માંગ કરવામાં આવી હતી. બિગબી સામે હાઈકોર્ટ આઈટીની અપીલને ફગાવી દીધી છે. જસ્ટીસ એસ.જે.વજીફદાર અને એમ.એસ.સંકલેચાની બનેલી ડિવિઝન બેંચે ૧૯ માર્ચ ૨૦૧૦નાં આદેશ સામે અપીલ પર સુનાવણી નહીં. ૧૩ ઓક્ટોબર ૨૦૦૨નાં દિવસે અમિતાભે રિટર્ન દાખલ કર્યા

હતાં અને તેમની આવક ૧૪.૯૯ કરોડ જાહેર કરી હતી. ૩૧ માર્ચ ૨૦૦૩નાં દિવસે અમિતાભે સુધારેલાં રિટર્ન દાખલ કર્યા હતાં જેમાં તેઓએ અન્ય બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. તેમની આવક ખૂબ વધારે ગણાવી હતી. જોકે ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં જ બચ્ચને દાવા સાથે પરત ખેંચી લીધા હતાં. ૨૯ માર્ચ ૨૦૦૫નાં રોજ એઓ દ્વારા મૂલ્યાંકન પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી હતી અને બચ્ચની આવક ૫૬.૪૧ કરોડ ગણાવી હતી.

૫ એપ્રિલ ૨૦૦૬નાં દિવસે કાર્યવાહી પુનઃ શરૂ કરવા નોટિસ ફટકારવામાં આવી હતી. ૩૧ ડિસેમ્બર ૨૦૦૭નાં દિવસે એઓએ અભિનેતાની કુલ આવક ૨૦.૫ કરોડ હોવાની વાત કરી હતી. અમિતાભ બચ્ચને કમિશનર ઓફ ઈન્કમટેક્સ અપીલમાં રજૂઆત કરી હતી જેનાં કારણે ૪ માર્ચ ૨૦૦૯નાં દિવસે ફેર મૂલ્યાંકનનાં આંકડાને ફગાવી દેવામાં આવ્યો હતો.

આરૂષિની હત્યા પહેલાં ગરદન કાપી નંખાઈ હતી

નવીદિલ્હી, તા.૨૫

આરૂષિ હત્યા કેસમાં હજુપણ કેટલીક વિગત એવી છે જે નવી દેખાઈ રહી છે. હવે એક મહત્વપૂર્ણ પ્રોસીક્યુશન સાક્ષીએ ડબલ મર્ડર કેસમાં સુનાવણી દરમિયાન કોર્ટમાં કહ્યું હતું કે, આરૂષિ તલવારની હત્યા કરતાં પહેલાં તેની ગરદન કાપી દેવાઈ હતી. આરૂષિ અને તેનાં નોકર હેમરાજની ગરદન પર કપાઈ ગયેલાં નિશાન મળી આવ્યા હતાં. તેમની ઉપર પહેલાં તીક્ષ્ણ હથિયારથી પ્રહાર કરવામાં આવ્યો હતો. ૧૬ મે ૨૦૦૮નાં રોજ આરૂષિ પર પોસ્ટમોર્ટમ કરનાર ગૌતમબુદ્ધ નગર હોસ્પિટલમાં ડેપ્યુટી સીએમઓ સુનિલ દોહરેએ આ મુજબની વાત કરી હતી. ૧૮ મેનાં દિવસે હેમરાજનાં પોસ્ટમોર્ટમ વખતે તેઓ ઉપસ્થિત રહ્યા હતાં.આરૂષિનાં માતા-પિતાની સંડોવણીનાં પુરાવા તરીકે તપાસકારો દ્વારા આ બાબત રજૂ કરી છે.

સ્વિફ્ટ-ડિઝાયરનો હાલમાં કોઈ સ્ટોક નથી : અહેવાલ

નવીદિલ્હી,તા.૨૫

મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ આજે કહ્યું હતું કે, બે સૌથી વધુ વેચાતી સ્વિફ્ટ અને ડિઝાયરનો સ્ટોક ખત્મ થઈ રહ્યો છે. માનેસર પ્લાન્ટમાં હાલ ભારે અંધાધૂંધી ચાલી રહી છે. છેલ્લાં એક સપ્તાહમાં જારી હિંસાના પરિણામ સ્વરૂપે સ્થિતિ વિકટ બની ગઈ છે. માનેસર પ્લાન્ટમાં લોકઆઉટની જાહેરાત કરવામાં આવી છે. જોકે કંપનીએ સ્વિફ્ટ અને ડિઝાયર મોડલ માટે બુકિંગ પ્રક્રિયા બંધ નહીં કરી હોવાની જાહેરાત કરી છે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાનાં

ચીફ ઓપરેટિંગ ઓફિસર મયંક પારેખે કહ્યું છે કે, અમારી પાસે સ્વિફ્ટ અને ડિઝાયરનો સ્ટોક નથી. બંને મોડલની આશરે દસ હજાર કાર ટ્રાન્જિટ ઉપર છે.

મારૂતિ સુઝુકી ઈન્ડિયા આ મોડલ માટે ઓર્ડર લઈ રહી છે કે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અમારાં બુકિંગ ચાલુ છે. ડીલરોને જાણ કરવામાં આવી રહી છે. પરિસ્થિતિ અંગે કસ્ટમરોને જાણ કરવામા આવી છે. હાલમાં સ્વિફ્ટ ૫૫૦૦૦ યુનિટ બુકિંગ ધરાવે છે જ્યારે ડિઝાયર ૬૫૦૦૦ યુનિટ બુકિંગ ધરાવે છે. આ ડીઝલકારની બોલબાલા છે. આ વર્ષે એપ્રિલ-જુનનાં ત્રીજા ત્રિમાસિક ગાળા દરમિયાન મારૂતિ સુઝુકીએ ૫૬૦૦૦ સ્વિફ્ટ અને ૪૭૦૦૦ ડિઝાયર કારનું વેચાણ કર્યું છે.

કારગીલ યુદ્ધને કુલ ૧૩ વર્ષ થયા હોવા છતાંય યાદ તાજી

દ્રાસ, તા.૨૫

કારગીલની ઊંચી પહાડીઓમાં આતંકવાદીઓ અને પાકિસ્તાની સેનાને બોધપાઠ ભણાવીને ભારતીય સેનાએ શાનદાર જીત મેળવ્યા બાદથી ૧૩ વર્ષ પસાર ચૂક્યા છે પરંતુ ઘણી બાબતો હજુ પણ તાજી બનેલી છે. કારગીલની ૧૩ મી વરસીના દિવસે શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. બીજી બાજુ કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોના સભ્યો હજુ પણ તેમને ભૂલી

શક્યા નથી. ભારતીય સેના વર્ષ ૧૯૯૯ના કારગીલ યુદ્ધમાં જીતની ૧૩ મી વરસીને શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજીને ઉજવશે. બુધવારથી આની શરૂઆત થઈ છે. જમ્મુ કાશ્મીરમાં કારગીલ પ્રદેશમાં દ્રાસ સબ સેક્ટરમાં વોર મેમોરિયલ ખાતે કાર્યક્રમની શરૂઆત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કારગીલ યુદ્ધમાં ભારતીય સેનાએ ૪૯૦ ઓફિસરો, જવાનો ગુમાવ્યા હતા. આ તમામ સાહસી અધિકારીઓ અને જવાનોને મરણોપરાંત વિરતા પુરસ્કાર અપાયા હતા. કારગીલ યુદ્ધની વરસીના દિવસે પ્રણવ મુખરજી ભારતના ૧૩ મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લઈ ચૂક્યા છે. બે દિવસનો કાર્યક્રમ વોર મેમોરિયલ, સૈનિક સંમેલન સાથે પૂર્ણ થશે .શંકર, અહેસાન અને લોયની લોકપ્રિય સંગીત ત્રિપુટી ખાસ કાર્યક્રમ આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે મે ૧૯૯૯માં કારગીલ યુદ્ધની શરૂઆત થઈ હતી અને પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓ નાસી છૂટે અને તેમને ખદેડી મૂકવામાં આવે ત્યાં સુધી બે મહિના સુધી લડાઈ ચાલી રહી.

સેનાના ટોચના અધિકારીઓ કાર્યક્રમોમાં હાજરી આપી રહ્યા છે. કાર્યક્રમોમાં કારગીલ, બટાલીક, દ્રાસ સેક્ટરમાં શહીદ થયેલા જવાનોના સગા સંબંધીઓ અને વિધવાઓ પણ ભાગ લેશે. આજે કારગીલ વોર મેમોરીયલ ખાતે અનેક તિરંગા ધ્વજ લહેરાવવામાં આવ્યા હતા. ૧૫ કિલો વજન ધરાવતા એક વિશાળ તિરંગા ધ્વજને પણ લહેરાવવામાં આવ્યો હતો. ૧૯૯૯ના યુદ્ધમાં જીતની ૧૩ મી વર્ષગાંઠના ભાગરૂપે દ્રાસ સબસેક્ટરમાં અનેક કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત અન્ય શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ડોનેશિયામાં ૬.૬ તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ: એકનું થયેલું મોત

જાકર્તા, તા. ૨૫

પશ્ચિમી ઈન્ડોનેશિયામાં આજે સવારે ફરી એકવાર ૬.૬ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ધરતીકંપના કારણે એકનું મોત થયું છે. તમામ લોકો તેમના ઘરોમાંથી દહેશતના કારણે બહાર દોડી આવ્યા હતા. સુમાત્રા દ્વીપના ઉત્તરીય વિસ્તારમાં આવેલા શહેરો અને ગામોમાં લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જો કે ભૂકંપના કારણે સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં



આવી હતી. સવારે ૭.૩૦ વાગે ૬.૬ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર એક પ્રાંતના સિનાબાગથી ૨૮ કિલોમીટર ઉત્તર પશ્ચિમે સ્થિત હતી. અમેરિકાની ભૂકંપ સાથે સંબંધિત સંસ્થાએ પણ તીવ્રતા ૬.૬ જણાવી છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાએ કહ્યું છે કે હાઈપર ટેન્શનના કારણે ગ્રસ્ત એક ૭૦ વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું. કારણ કે તે દહેશતના કારણે દોડી જતાં પડી ગઈ હતી. અન્ય કોઈ ખુવારી થઈ નથી.

મધુમિતા હત્યા કેસના લાપત્તા આરોપીની અંતે ધરપકડ થઈ

ગોરખપુર, તા. ૨૫

સનસનાટીપૂર્ણ મધુમિતા શુક્લા હત્યા કેસમાં આરોપીની ફરી ધરપકડ કરી લેવામાં આવી છે. ઉત્તરાખંડ હાઈકોર્ટે આજીવન કારાવાસની સજા ફટકાર્યા બાદ લાપત્તા થઈ ગયેલા મુખ્ય શખ્સની ધરપકડ કરી લેવામાં આવી છે. ગોરખપુરમાં પોલીસે આ અંગેના અહેવાલને સંપૂર્ણપણે સમર્થન આપ્યું છે. પોલીસનું કહેવું છે કે પ્રકાશચંદ્ર પાંડેની શાહપુર નિવાસ સ્થાનથી ધરપકડ કરવામાં આવી હતી. પુરાવાના અભાવે ટ્રાયલ કોર્ટે પાંડેને છોડી મૂક્યો હતો પરંતુ ઉત્તારાખંડ હાઈકોર્ટે ૧૬મી જુલાઈના દિવસે તેને અપરાધી જાહેર કરીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. ઉત્તરાખંડ હાઈકોર્ટે મુખ્ય આરોપી અમરમણિ ત્રિપાઠી, તેમના પત્ની અને અન્ય બેને પણ આજીવન કારાવાસની સજા યથાવત્ રાખવામાં આવી હતી. સાથે સાથે પાંડેને અપરાધી ઠેરવીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. લાપત્તા આરોપી ઝડપાઈ જતાં પોલીસને રાહત થઈ છે.

પાંડે ઉર્ફે પપ્પુ માટે

આજીવન કારાવાસની માંગ કરનાર સીબીઆઈની અરજીને સ્વીકારી લઈને કોર્ટે તાત્કાલિક ધોરણે તેને કસ્ટડીમાં લઈ લેવા પોલીસને આદેશ કર્યો હતો પરંતુ તેની કોઈ ભાળ મળી ન હતી. ૯મી મે ૨૦૦૩ના દિવસે લખનૌમાં ઠાર મારી દેવામાં આવેલી મધુમિતા શુક્લાની હત્યા અને કાવતરા ઘડી કાઢવા બદલ ૨૦૦૭માં દહેરાદૂનની કોર્ટે સમાજવાદી પાર્ટીના ભૂતપૂર્વ નેતા અમરમણિ ત્રિપાઠી, તેમના પત્ની મધુમણિ અને અન્યો બે રોહિત ચતુર્વેદી અને સંતોષકુમાર રાયને અપરાધી ઠેરવીને આજીવન કારાવાસની સજા કરી હતી. ટ્રાયલ ચાલી ત્યારે અમરમણિ સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અને પ્રધાન હતા. તપાસ દરમિયાન સીબીઆઈએ અમરમણિ, રોહિત, સંતોષ, પાંડે, યજ્ઞ નારેન અને મધુમણિ સામે ૧૯મી ડિસેમ્બર ૨૦૦૩ના દિવસે ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસમાં ટ્રાયલ મોડેથી ઉત્તર પ્રદેશની જગ્યાએ સુપ્રીમના આદેશ બાદ ઉત્તરાખંડમાં ખસેડવામાં આવી હતી. આઠ મહિનાથી વધુ સમય સુધી ટ્રાયલ ચાલ્યા બાદ દહેરાદૂનની કોર્ટે તમામને અપરાધી ઠેરવીને આજીવન કારાવાસની સજા કરી હતી. કોર્ટે એ વખતે પાંડેને છોડી મૂક્યો હતો.